# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## બ્લોક નં.૨,પાંચમો માળ,કર્મયોગી ભવન,સેક્ટર ૧૦/એ,ગાંધીનગર

**૨૩-૨૪-૨૫ ડીસેમ્બર-૨૦૨૨ના રોજ યોજાયેલ ખાતાકીય પરીક્ષા ૨૦૨૨-૨૩ની પ્રોવિઝનલ આન્સર કી પ્રસિધ્ધ કરવા અંગે વાંધા-સુચનો મંગાવવા બાબતની નોટીસ**

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર દ્વારા નાયબ ચીટનીશ(પંચાયત સેવા), વિસ્તરણ અધિકારી, વર્ગ-૩ (પંચાયત/ખેતી/સહકાર) તથા તાલુકા પંચાયત અધિકારીની ખાતાકીય પરીક્ષા-૨૦૨૨-૨૩ તા.૨૩-૨૪-૨૫-ડીસેમ્બર-૨૦૨૨ના રોજ યોજવામાં આવેલ હતી. ઉક્ત ખાતાકીય પરીક્ષાના પ્રશ્નપત્ર-૧ થી પ્રશ્નપત્ર-૫ની પ્રોવિઝનલ આન્સર ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઈટ https://gpssb.gujarat.gov.in ઉપર તા.૨૭/૧૨/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે પરંતુ પ્રશ્નપત્ર-૧ની પ્રોવિઝનલ આન્સર-કીમાં ભુલ જણાતી હોઈ, આથી સદર પેપર-૧ની પ્રોવિઝનલ આન્સર-કી રદ કરવામાં આવેલ છે. અને પ્રશ્નપત્ર-૧ પુરતી રીવાઈઝ આન્સર-કી મંડળની વેબસાઈટ પર તા.૩૧/૧૨/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેમજ તેની નકલ દરેક જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ઈ-મેઈલ દ્વારા પણ મોકલી આપવામાં આવેલ છે, જેની સર્વે ઉમેદવાર/કર્મચારીઓએ નોંધ લેવા આથી જણાવવામાં આવે છે.

ઉપરોક્ત પ્રશ્નપત્ર-૧ની રીવાઈઝ પ્રોવિઝનલ આન્સર-કી સામે કોઈ ઉમેદવાર/કર્મચારીને કોઈ વાંધા-સુચન હોય તો,આ સાથે બીડેલ "નમુનો-ક" માં જરૂરી આધાર-પુરાવા સહિત લેખિત વાંધા-સુચનો મંડળની કચેરીએ મોડામાં મોડા તા.૦૯-૦૧-૨૦૨૩ સુધીમાં મળી જાય તે રીતે રૂબરુમાં/રજી.પોસ્ટ એડીથી/સ્પીડ પોસ્ટથી મંડળની કચેરીને સીધા જ મોકલી આપવા આથી સર્વે ઉમેદવાર/કર્મચારીઓને જણાવવામાં આવે છે. ઉપરોક્ત સમયમર્યાદા વીતી ગયા બાદ મળેલ વાંધા-સુચનો મંડળ દ્વારા વિચારણામાં લેવામાં આવશે નહિ,તેની પણ નોંધ લેવા આથી સર્વે ઉમેદવાર/કર્મચારીઓને જણાવવામાં આવે છે.

સહી/-

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

ગાંધીનગર

તા. ૩૧/૧૨/૨૦૨૨

બિડાણ:-"નમુનો-ક"